GJVD040006672026

## ORDER BELOW EX.1

પોલીસ સ્ટેશન દ્વારા આ કામના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટ,૧૯૪૯ ની કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૮૫ મુજબના ગુનાનું ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે. આજરોજ પ્રથમ મુદતે જ આ કામના આરોપીએ પોતાના વિ.વ.શ્રી સાથે હાજર રહી આ કેસના ગુના સંબંધી પોતાના વિરુધ્ધ આક્ષેપાયેલ પ્રોહીબીશન એક્ટ કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટ કલમ- ૧૮૫ મુજબના ગુનાની કબુલાત કરવાની મૌખિક જાહેરાત કરી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીની પ્લી નોંધવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની સ્વૈચ્છાએ કબુલાત આપેલી છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લીધી. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાઓની સજા વંચાણે લેતાં મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ ની કલમ-૧૮૫ હેઠળના પ્રથમ ગુના માટે છ મહીના સુધીની કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦/- ના દંડ ની સજા નકકી કરવામાં આવેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે. આરોપી પ્રથમ મુદતે જ ગુનાની કબુલાત કરતા હોય, આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં પોતાના કુટુંબના ભરણપોષણની જવાબદારી ધરાવતા હોય તેમજ **ના.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર.પેજ નં.૭૦૯** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી

સજા કરી, સુધરવાની તક આપવાની ન્યાયનો હેતું જળવાય તેમ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**- :: હુકમ :: -**

આ કામના **આરોપી–બળવંત ચંદુભાઈ પરમાર,** રહે. કહાનવા ગામ, ધરમપુરા, તા. જંબુસર, જી. ભરૂચનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ– ૧૮૫ ના ગુનામાં તકસીરવાન ઠરાવી કુલ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના દંડ ની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.પાચમી માહે–માર્ચ સને–બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ.૦૫.૦૩.૨૦૨૬**

**સ્થળ: પાદરા.**

**(હાર્દિક પ્રફુલચંદ્ર રાવલ)**
**GJ01220**
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**પાદરા, જી.વડોદરા.**

**Penalty Rcvd. Rs.........**

**Page/Rcpt. No.............**

**Dt. 05.03.2026 Nazir**